# ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને ટેકનિકલ અને લીગલ ટ્રેનિંગની જરૂર છે

## જીએનએલયુમાં ફોરેસ્ટ અધિકારીઓ માટેનો બે દિવસીય કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ યોજાયો

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે ફોરેસ્ટ અધિકારીઓ માટે બે દિવસીય કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ યોજાઇ ગયો, જેમાં ૩૫ જેટલા ફોરેસ્ટ અધિકારીઓ જોડાયા હતા. પ્રોગ્રામમાં ફોરેસ્ટ ફોર્સ ગુજરાતના હેડ જી.કે. સિંહા, ચીફ કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ નિત્યાનંદ શ્રીવાસ્તવ અને ડૉ. સંજીવ ત્યાગી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના ઈનોગ્રેશન સમારોહમાં જી.કે. સિંહાએ કહ્યું કે, ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ઘણી વસ્તુઓમાં પારદર્શી બન્યો છે, છતા લેબર લૉ બાબતે હજુ પણ ફોરેસ્ટ વિભાગે પગલા લેવાની જરૂર છે. કારણ કે, લેબર લૉ વિશે ફોરેસ્ટના કાયદાઓ મજૂર સંઘની તરફેણના નથી તેથી મજૂર સંઘને ઘણી તકલીફો વેઠવી પડે છે.



### ટેકનોલોજીકલ નોલેજ વધવાથી કાર્યભાર હળવો થશે

ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ માટે ટેકનોલોજીકલ અને લીગલ ટ્રેનિંનની જરૂર છે. ઘણી જગ્યાઓએ અધિકારીઓમાં ટેકનોલોજીકલ નોલેજનો અભાવ છે, જેથી કાર્યભારમાં વધારો થાય છે અને કામનો બોઝ વધે છે. ટેકનોલોજીની ટ્રેનિંગ આપવામાં આવે તો સરકારનો કાર્યબોઝ ઓછો કરી શકાય. જીએનએલયુ અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ જેવી સંસ્થાઓના સહયોગથી આ કાર્યને વધારે સરળ બનાવી શકાય છે.

**- નિત્યાનંદ શ્રીવાસ્તવ, ચીફ કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ**

### ઓનલાઈન લાકડાની ખરીદી વેચાણ આવકારદાયક

ગુજરાતમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા લાકડાની ખરીદી વેચાણ ઓનલાઈન કરવામાં આવ્યું હોવાથી વ્યવહારીકરૂપે આવકારદાયી છે. ઉપરાંત જંગલની નજીકના ગામનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસાવી ત્યાના લોકોને રોજગારી આપવી જેથી તેઓ જંગલની સાધન સંપતીને નુકસાન કરે નહી. પરંતુ હજી પણ ઘણા એવા નીતિ નિયમો છે, જેમાં સુધારાની જરૂર છે. જેથી જંગલની સંપતી અને લોકોને થતુ નુકસાન અટકાવી શકાય.

**- જી.કે. સિંહા, ફોરેસ્ટ ફોર્સ હેડ**

Scanned by CamScanner